**<u>રે.દિ.મુ.નં.૦૨/૨૦૨૨</u>**

**–:: <u>આંક–૫ ની અરજી લગત હુકમ</u> ::–**

(૧) વાદીની આંક–૫ ની મનાઈઅરજીની ટુંકમાં હકીકત નીચે મુજબની છે:–

વાદીઓ મોજે થરાદ તા.થરાદ જિ.બનાસકાંઠાના નિત્ય નિવાસી છે અને થરાદની સીમના રેવન્યું સ.નં.– ના બ્લોક સ.નં. ૧૭૬, જુના બ્લોક સ.નં. ૧૬૧, ક્ષેત્રફળ એકર –૦૭–૦૨ ગુંઠા વાળી ખેતીની જમીન સ્ટેટ સમયથી તથા વડવાઓના સમયથી એટલે કે આશરે ૭૦–૭૫ વરસથી કબજો ભોગવટો ધરાવી ખેતી કરતા આવેલ છે. જમીન દરખારી ગોરાડું અને જીરાયત પ્રકારની અને તેમાં વાદીના વડવાઓના સમયથી ખેતી થતી આવેલ છે. સવાલ વાળી જમીનની ચતું:સીમા નીચે મુજબ છે.

પુર્વ:– માજીરાણાના ખેતરો આવેલ છે.
પશ્વિમ:– ધાનેરા જતો પાકો હાઈવે રોડ આવેલ છે.
ઉત્તરે:– હરીજન લોકોના ખેતરો આવેલા છે.
દક્ષિણે :– માજીરાણાના ખેતરો આવેલ છે.

ઉપરોકત વિગત –વર્ણન અને ચતું:સીમાવાળી દાવાવાળી ખેતીની જમીનમાં વડવાઓના સમયથી રહેઠાણ માટનું રસોડા સહીતનું મકાન બનાવેલ છે અને સહકુંટુંબ સાથે તેમાં રહે છે. સદર ઘર આગળ પાંચ લીમડાના ઝાડ આવેલ છે. દાવાવાળ ી જમીનમાં બાજુંમાં આવેલ હરીજનોના ખેતરમાં આવેલ બોરનું પાણી પાઈપ લાઈનથી લાવી ખેતી કરે છે. દાવાવાળી ખેતીની જમીનનું મહેસુલ સમજીને ઉપજ દંડ ભરતા આવેલ છે. દાવાવાળી ખેતીની જમીનમાં તેમના બાપ દાદાના વખત કબજો ભોગવટો કરી ખેતી કરતા હોય સદર જમીન નવા સ.નં. ૧૭૬ તથા જુના સ.નં. ૧૬૧ ક્ષેત્રફળ એ.૭–૦ ગુંઠા ખેતીની જમીન રેગ્યુલાઈજ કરી આપવા માટે થરાદના મહે. મામલતદાર,થરાદને તા: ૩૧/૦૭/૨૦૨૦ નારોજ લેખિત અરજી કરેલ અને ત્યારબાદ થરાદના મહે.ના.કલેકટરશ્રીને સં બોધીને મહે.મામલતદારને આપેલ રેગ્યુલાઈઝ માટેની અરજીના અનુસંધાને તા: ૦૯/૦૨/૨૦૨૧ નારોજ માગણીક રતી અરજી કરેલ અને ત્યારબાદ બનાસકાંઠા મહે.કલ ેકટર સાહેબ બનાસકાંઠાને તા: ૨૫/૦૨/૨૦૨૧ નારોજ અરજી કરેલ અને તેના જવાબમાં ચીટનીશ ટું કલેકટર બનાસકાંઠાનાએ જણાવેલ કે, સદર જમીનના કુલ ક્ષેત્રફળના પ્રવર્તમાન જં ત્રીના ૧(એક) ટકા લેખે સેસ ચાર્જ ભરવાનો થાય છે તેમ લેખિતમાં જણાવતા અરજીના

ન..ક.જમન.૩.વશી ૭૧૯૨ તા: ૧૭/૦૨/૨૦૨૧ ના આધારે સદર જમીનના કુલ ક્ષેત્રફળને પ્ર ર્વમાન જંત્રીના ૧(એક) ટકા લેખે સેસ ચાર્જ મુજબ રૂા. ૨૪,૯૨૯/- અંકે રૂપીયા ચોવીસ નવસોહ ઓગણત્રીસ પુરા ભરપાઈ કરેલ અને જે ભરપાઈ કરેલ રકમના ચલણની નકલ તા: ૨૫/૦૨/૨૦૨૧ નારોજ રજી. પો.એડી.થી થરાદના મામલદારની કચેરીએ આગળની કાર્યવાહી માટે મોકલી આપેલ.

સદર કામના વાદી નં.૧ ના પતિ અને વાદી નં.ર અને ૩ ના પિતા તા: ૦૩/૦૫/૨૦૨૧ નારોજ ગુજરી જતા તેમના શોકમાં અને આઘાતમાં હોય સદર કામે થરાદના મહે. મામલતદારની કચેરીમાં સદરહું કામની તપાસ કરી શકેલ નહી અને તેમના મરણની થતી વિઘી વિઘાન ક્રિયા પતિ જતાં સ્વસ્થ થતાં સદરહું કામની આગળની થતી કાર્યવાહી માટે તા: ૦૨/૦૯/૨૦૨૧ નારોજ અરજી કરતા બનાસકાંઠાના મહે. કલેકટર અને જિલ્લા મેજી.ની કચેરી બનાસકાંઠા પાલનપુર નં. ક.જમન.૩.વશી.૨૮૯૭૩ ની અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે.

વાદીઓ છેલ્લા ૭૦ વર્ષથી સતત કબજા-ભોગવટા હેઠળ બાપદાદાના વખતથી દાવાવાળી જમીનમાં ખેતી કરતા આવેલ છે એટલે વિપરીત કબજાની રૂએ પણ વાદીઓ માલીક છે. સદરે દાવાવાળી ખેતીની જમીન મે.મામલતદાર થરાદે સરકારી માલીકીની માલીકો દબાણના કેસો કરેલા જેથી વાદીઓએ મહેસુલ સમજીને ઉપજ દંડ ભરી દીઘેલછે વઘુમાં વાદીઓ સદરહું જમીન રેગ્યુલાઈઝની માંગણી કરતા બનાસકાંઠાના મહે. કલ ેકટરે કરેલ હુકમ મુજબ સરકારની ટકાવારી પ્રમાણે ડીપોજીટની રકમ પણ ભરી દીઘેલ હોય વાદીઓને દાવાવાળી ખેતીની જમીનમાં ખેતી કરતા પ્રતિવાદી કે તેમના નોકર ચાકર કે એજન્ટ હરકત અટકાયત કરે કરો નહી તેવો પ્રતિવાદી વિરૂઘ્ઘ માલીકીની જાહેરાત અને કાયમી મનાઈ હુકમ મેળવવો જરૂરી છે.

દાવાવાળી ખેતીની જમીનની રેગ્યુલાઈજ માટેની સરકારના નિયમો અને હુકમ અનુસાર રકમ ભરી તેના ચલણની નકલ મહે. મામલતદારને મોકલી આપેલ જે બનાસકાંઠાના મહે. કલેકટરના હુકમ મુજબ કાર્યવાહી થયેલ હોવા છતાં સદર દાવાવાળી જમીન સાર્વજનિક હેતુ માટેની હોય વાદીઓને રેગ્યુલાઈજ કરી આપવામાં નહી આવે તેમ જણાવી વાદીઓની અરજી રદ કરેલ હોય વાદીઓના ખેતીની જમીન પરત્વેના હકક અધિકારો છીનવાઈ જતાં વાદીઓના વકીલશ્રી ફતાભાઈ એચ.પટેલ મારફત તા: ૦૨/૧૧/૨૦૨૧ નારોજ મહે. કલેકટર બનાસકાંઠા

તથા મહે. ના.કલેકટર થરાદ અને મહે.મામલતદાર, થરાદને સી.પી.સી.ની કલમ–૮૦ મુજબ નોટીસ આપી જણાવેલ છે કે, દાવાવાળી જમીન વાદીઓની કબજા–ભોગવટા અને માલીકીની છે અને તેમા આવેલ રસોડા સાથેના મકાનોના વાદીઓ માલીક છે તેમજ બાજુમાં આવેલ હરીજનોના ખેતરમાં આવેલ બોરના પાણીથી વાદીઓ ખેતી કરતા આવેલ છે તેના વાદીઓ દાવાવાળી જમીનના તથા મકાનોના વાદીઓ માલીક છે તેમ જાહેર કરવાની તથા વાદીઓના કબજા–ભોગવટામાં પ્રતિવાદી કે તેમના નોકર–ચાકર–એજન્ટ વિગેરે હરકત અટકાયત કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ તેમના વિરૂધ્ધ મેળવવો જરૂરી છે.

આ કામે પ્રતિવાદીશ્રી સરકાર છે. એટલે કે સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે સી.પી.સી. કલમ–૮૦ મુજબની નોટીસ મહે. કલેકટરશ્રી બ.કાં.ના મહે. ના.કલેકટરશ્રી થરાદ તથા મહે. મામલતદારશ્રી થરાદને તા: ૦૨/૧૧/૨૦૨૧ નારોજ બજવેલ છે તેમ છતાં વાદીઓને કોઈ જ પ્રત્યુતર આપેલ ન હોય આ દાવો કરેલ છે જેથી નોટીસનો બાધ નથી.

વાદીઓના દાવાવાળી જમીન પરત્વેના હકક–અધિકારો તેમના વડવાઓના સમયથી વિપરીત કબજાની રૂએ સ્થાપિત અને અબાધિત છે. જયારે વાદીએ દાવાવાળી ખેતીની જમીન રેગ્યુલાઈજ માટે માંગણી કરતાં માંગણી મંજુર થતા સરકારશ્રીના નિયમો અનુસાર ભરવાની થતી રકમ મહે. મામલતદારશ્રીની ચલણમાં સહી કરાવીને તે રકમ સરકારી તિજોરીમાં ભરપાઈ પણ કરેલ છે. જયારે પ્રતિવાદીઓ દાવાવાળી જમીનને સરકારી માની દબાણ કેસો કરી કાર્યવાહી કરતા વાદીઓના હકક અધિકારો છીનવાઈ જતા હોય વાદીઓને નાણામાં પણ ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે. દાવાવાળી જમીનનું રેવન્યું રેકર્ડ ઉપરના પુરાવાઓ જોતા વાદીઓનો કેસ પ્રાઈમાફેસી છે. દાવો ચાલતા સમય જાય એટલે વાદીઓની પોતાના કબજા–ભોગવટા વાળી જમીનના કબજાનું રક્ષણ કરવું જરૂરી અને અનિવાર્ય હોય દરમ્યાન મનાઈ હુકમ મેળવવીન પણ તાત્કાલીક જરૂરીયાત છે. હંગામી મનાઈ હુકમ વાદીઓને પ્રતિવાદીઓ વિરૂધ્ધ આપવાથી પ્રતિવાદીને કોઈ જ નુકશાન થાય તેમ નથી એટલે બેલેન્સ ઓફ કન્વિનિયન્સ પણ વાદીઓની તરફેણમાં છે.

પ્રતિવાદી/સામાવાળા તથા તેમના અધિકારી નોકર, ચાકર, એજન્ટ વિગેરે દાવાવાળી ખેતીની જમીનમાં ગે.કા. પ્રવેશ કરી કબજો પડાવી લે નહી તેમજ વાદીઓને ખેતી કરતા ઉપજ લેતા કોઈ પણ જાતની હરકત, અટકાયત કરે કરાવે નહી તેવો

દાવાના આખરી નિકાલ સુધી હંગામી મનાઈ હુકમ આપવા તથા બીજી યોગ્ય અને મુનાસીબ દાદ અપાવવા તથા અરજીનો ખર્ચ પ્રતિવાદી/સામાવાળા પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામે વાદીની આંક–૫ ની મનાઈ અરજી સબંધે પ્રતિવાદીઓને નોટીશ કરતા આ કામના પ્રતિવાદીઓએ વાદીની દાવા અરજી તથા આંક–૫ ની મનાઈ અરજીનો લેખિત જવાબ આંક–૧૫ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવો ખરો નથી અને કબુલ નહી હોવાનુ તથા મનાઈ અરજીની હકીકત ખરી નથી અને તેમને કબુલ નથી . વધુમા તેઓએ ખરી હકીકતે જણાવેલ છે કે, મોજે થરાદ તા. થરાદના રે.સ.નં. ૧૭૬ (જુનો સ.નં. ૧ ૬૧) વાળી જમીન પ્રમોલગેશન નોંધ નં. ૧૯૪ ની વિગતે શ્રી સરકાર ખાતે દાખલ થયેલ છે તથા સને. ૧૯૬૫–૬૬ થી ગામ ન.નં. ૭/૧૨ જોતા શ્રી સરકાર લખાયેલ છે. ખેડુત તરીકે પણ શ્રી સરકાર લખાયેલ છે. આમ, આ કામના અરજદાર ૭૦–૭૫ વર્ષથી કબજો ભોગવટો ધરાવતા હોવાની બાબત સાચી નથી.

આ કામના વાદીની રજુઆત મુજબ તેઓએ ફકત જમીન માંગણી માટે પ્રોસેસ ફી તરીકે જંત્રી કિંમતના ૧(એક)ટકા મુજબના પૈસા ચલણથી જમા કરાવેલ છે. સદરહું રકમ એ અરજી કરવા માટેની અરજી ફી છે. અરજી ફી ભરવાથી કોઈ પણ અરજદારને જમીન મેળવવાનો અધિકાર મળતો નથી. જમીન ફાળવણી માટે સરકારશ્રીના નિતી નિયમ મુજબ નિર્ણય લેવાનો થાય છે. જે અન્વયે અરજદારની જમીન રેગ્યુલાઈઝ કરી આપવા બાબતની માં ગણી મે.કલેકટરશ્રી બ.કાં. ના તા: ૧૯/૦૮/૨૦૨૧ ના પત્રથી દફતરે કરવામાં આવેલ છે. આમ સદરહું જમીન શ્રી સરકારની મિલકત હોય વાદીને કોઈ રક્ષણ મળવાપાત્ર નથી તથા કોઈ મનાઈ હુકમ મળવાપાત્ર નથી.

(૩) ત્યારબાદ વાદી તરફે આ કામે આંક–૨૫ થી કાઉન્ટર સોગંદનામુ રજુ કરેલ છે જેમા પ્રતિવાદીઓના લેખિત જવાબની હકીકતો ખરી ન હોવાનુ જણાવી દાવાઅરજીની પોતાની હકીકતોને વળગી રહી માંગ્યા મુજબનો હંગામી મનાઈહુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૪) વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

૧. માર્ક–૪/૧ થી માંગણીવાળી જમીન રેગ્યંલાઈઝ કરવા બાબતની અરજી
૨. માર્ક–૪/૨ થી માંગણીવાળી જમીન બાબતે ના.કલેકટરશ્રીને આપેલ અરજી.
૩. માર્ક–૪/૩ થી ઉપજ દંડની પાવતી
૪. માર્ક–૪/૪ થી ઉપજ દંડની પાવતી
૫. માર્ક–૪/૫ થી માગણીવાળી જમીન માટે મુખ્યમંત્રી કાર્યાલયની કરેલ અરજી.
૬. માર્ક–૪/૬ થી મુખ્યમંત્રી કાર્યાલયે આપેલ સુચના પત્ર
૭. માર્ક–૪/૭ થી ચલણથી ભરેલ રકમની નકલ
૮. માર્ક–૪/૮ થી કલેકટરશ્રી અને જિલ્લા મેજી. બ.કાં.ના હુકમની નકલ
૯. માર્ક–૪/૯ થી ઘુડાભાઈના મરણના દાખલાની નકલ
૧૦. માર્ક–૪/૧૦ થી ધર્મીબેનને મહે. કલેકટરની આપેલ અરજીની નકલ
૧૧. માર્ક–૪/૧૧ થી ઘુડાભાઈ કાળાભાઈ ભીલે કલેકટરને આપેલ અરજી.
૧૨. માર્ક–૪/૧૨ થી રેગ્યુલાઈઝના નિયમ પ્રથમ ચલણથી રકમ ભરેલ તેની જાણ બાબતની અરજી
૧૩. માર્ક–૪/૧૩ થી રેગ્યુલાઈજની માંગણી નામંજુર કરતા હુકમની નકલ
૧૪. માર્ક–૪/૧૪ થી મહે.કલેકટરને આપેલ નોટીસની નકલ
૧૫. માર્ક–૪/૧૫ થી મે.કલેકટરને આપેલ નોટીસની રજી.પો.ની પાવતીની નકલ
૧૬. માર્ક–૪/૧૬ થી મહે.કલેકટરને રજી.પો.મોકલેલ નોટીસની એકલોજમેન્ટની પાવતી
૧૭. માર્ક–૪/૧૭ થી મહે.ના.કલેકટરને આપેલ નોટીસની નકલ
૧૮. માર્ક–૪/૧૮ થી ના.કલેકટર થરાદને રજી.પો.કર્યાની પાવતી
૧૯. માર્ક–૪/૧૯ થી ના.કલેકટરને મોકલેલ નોટીસની એકનોલેજમેન્ટની નકલ
૨૦. માર્ક–૪/૨૦ થી મહે.મામલતદાર,થરાદને મોકલેલ નોટીસની નકલ
૨૧. માર્ક–૪/૨૧ થી મહે.મામલતદારને રજી.પો.કર્યાની પાવતીની નકલ
૨૨. માર્ક–૪/૨૨ થી મહે.મામલતદાર,થરાદને મોકલેલ નોટીસના એકનોલેજમેન્ટની નકલ

(૪.૧) પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે :–

૧. માર્ક–૧૬/૧ થી થરાદ સ.નં. ૧૭૬ (જુનો સ.નં. ૧૬૧) ની નં. ૭/૧૨ ની નકલ
૨. માર્ક–૧૬/૨ થી થરાદ સ.નં. ૧૭૬ (જુનો સ.નં. ૧૬૧) ની ૧૯૪૮ થી ૧૯૫૫ સુધીના તથા સને. ૧૯૬૫–૬૬ થી ૨૦૦૪ સુધીના નં.૭/૧૨ ની નકલ
૩. માર્ક–૧૬/૩ થી થરાદ નોંધ નં. ૧૯૪ ની ગામ ન.નં. ૬ (હકકપત્રક)ની નકલ.
૪. માર્ક–૧૬/૪ થી થરાદ નોંધ નં. ૫૯૧ ની ગામ ન.નં. ૬ (હકકપત્રક)ની નકલ.
૫. માર્ક–૧૬/૫ થી થરાદ નોંધ નં. ૩૬૬૦ ની ગામ ન.નં. ૬ (હકકપત્રક)ની નકલ.
૬. માર્ક–૧૬/૬ થી થરાદ નોંધ નં. ૩૭૮૧ ની ગામ ન.નં. ૬ (હકકપત્રક)ની નકલ.
૭. માર્ક–૧૬/૭ થી થરાદ નોંધ નં. ૩૯૨૯ ની ગામ ન.નં. ૬ (હકકપત્રક)ની નકલ.
૮. માર્ક–૧૬/૮ થી મેકલેકટરશ્રી બ.કાં.ના તા: ૧૯/૦૮/૨૦૨૧ ના પત્ર નં. ક.જમીન.૩.વશી. ૨૮૯૭૩ તા: ૧૯/૦૮/૨૦૨૧

(૫) સદર કામે વાદીઓ અને પ્રતિવાદીઓ તરફે તેઓના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતાં આ અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા નિર્ણિત કરવાના રહેશે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી સાબિત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે ?

(૩) શું વાદી સાબિત કરે છે કે, માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીઓને નાણામાં ન માપી શકાય તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદૃઓના નિર્ણય નીચે મુજબ છે :–

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદૃાના નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે :–

–:: **<u>કા ર ણો</u>** ::–

(૮.૧) **<u>મુદૃા નં. ૧ થી ૩</u> : –**

ઉપરોકત મુદૃા અરસપરસ સંકળાયેલા હોય હકીકતોનું પુનરાવર્તન નિવારવા દરેક મુદૃાની ચર્ચા એક સાથે કરવામાં આવી રહેલ છે.

(૯) હાલ બંને પક્ષોની વચગાળાની મનાઈ અરજીના સંદર્ભમાં નિર્ણય કરવાનો છે તે સમયે અદાલતે પ્રથમ દર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભરપાઈ ન થઈ શકે તેવા નુકસાનનો વિચાર કરવાનો રહે છે. જો કે, કાયદાની વિકસીત થયેલ પરિસ્થિતિ છે કે, આ તબકકે આપણે જાણે મીની ટ્રાયલ ચલાવતા હોય તે રીતે પક્ષકારોની તકરારોનું નિરાકરણ કરવાનું હોય નહી. જે પક્ષકાર એવી હકીકત દર્શાવી શકે કે ચલાવી શકાય તેવા અને હકીકતોના

મહત્વના સવાલો રહેલા છે અને તેમનો દાવો કોઈ દેખીતી ખામીના કારણે રદ થવાને પાત્ર નથી તો તેને પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય.

વધુમાં મનાઈ અરજી બાબતે દિવાની કાર્યરીતી સંહિતામાં મનાઈ હુકમ બાબતના પ્રબંધોને ધ્યાને લેવા અનીવાર્ય બની રહે છે, અને જે નીચે મુજબ છે.

કામ ચલાઉ મનાઈ હુકમનું સંચાલન દિવાની કાર્યરીતી સંહિતાના આદેશ ૩૯ નિયમ ૧ અને ૨ મુજબ થાય છે, અને જેના પ્રબંધો જોવામાં આવે તો..

''કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકાય તેવા કેસ કે જેમા કોઈપણ દાવામાં સોગંદનામાથી અથવા બીજી રીતે એવું સાબિત થાય કે,

(ક) દાવાનો કોઈપણ પક્ષકાર દાવામાંની કોઈપણ તકરારી મીલકત વેડફી નાંખી કંઈ નુકશાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં તે ગેરવ્યાજબી રીતે વેચાશે તેવી દહેશત છે.

(ખ) પોતાના લેણદારોને દગો દેવાના ઉદ્દેશથી પ્રતિવાદી પોતાની મીલકત ખસેડવાની અથવા તેનો નિકાલ કરવાની બીક બતાવે છે અથવા તેમ કરવાનો ઈરાદો રાખે છે.

(ગ) દાવા માની તકરારી મીલકતના સબંધમાં, વાદીનો કબજો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોંચાડવાની પ્રતિવાદી ધમકી આપે છે.

ત્યારે હુકમ કરીને ન્યાયાલય આવુ કાર્ય થતું અટકાવવા માટે કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકશે.

**(૧૦)** સમગ્ર રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે ડેકેલેરેશન તેમજ કાયમી મનાઈહુકમ મેળવવા માટે કરેલ છે.

આ કામે વાદીનો કેસ એવો છે કે, મોજે થરાદ તા.થરાદ જિ.બનાસકાંઠાના નિત્ય નિવાસી છે અને થરાદની સીમના રેવન્યું સ.નં.– ના બ્લોક સ.નં. ૧૭૬, જુના બ્લોક સ.નં. ૧૬૧, ક્ષેત્રફળ એકર –૦૭–૦૨ ગુંઠા વાળી દાવાવાળી ખેતીની જમીન સ્ટેટ સમયથી તથા વડવાઓના સમયથી એટલે કે આશરે ૭૦–૭૫ વરસથી કબજો ભોગવટો ધરાવી ખેતી કરતા

આવેલ છે. હવે વાદી સદરહુ દાવાવાળી જમીનનો ૭૦–૭૫ વરસથી કબજો ભોગવટો ધરાવતા હોવાની વાત જણાવે છે પરંતુ વાદીએ પોતાની દાવાઅરજી સાથે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૩૫(એચ) મુજબ જમીનના કોઈ રેવન્યુ રેકર્ડ યાને ગામ નામુના નં–૭/૧૨, ગામ નમુના નં–૬ તેમજ ગામ નમુના નં–૮(અ) ના ઉતારા રજુ રાખેલ નથી. વધુમાં જોઈએ તો વાદી, દાવાવાળી જમીનના માલિક કોણ છે તે અંગે પણ પોતાની સમગ્ર દાવાઅરજીમાં કયાંય જણાવતા નથી. જેની સામે પ્રતિવાદીઓ તરફે આંક–૧૬ ના લીસ્ટથી દાવાવાળી જમીના રેવન્યુ રેકર્ડસની નકલો રજુ રાખેલ છે જે ધ્યાને લેતા તેમા દાવાવાળી જમીન ૧૯૫૨–૫૩ થી સરકારશ્રીના નામે ચાલી આવેલ હોવાનુ ફલિત થાય છે. વાદી પોતાના કાઉન્ટર સોગં દનામામાં પણ પ્રતિવાદીઓ તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ વિશે મૌન રહેલા છે.

વધુમાં વાદીનો કેસ એવો છે કે તેઓએ દાવાવાળી જમીન રેગ્યુલરાઈઝડ કરી આપવા સારૂ મહે. મામલતદારશ્રી, થરાદનાઓને તા.૩૧/૦૭/૨૦૨૦ ના રોજ અરજી કરેલ હોવાનુ જણાવે છે. જે અરજી હાલના કામે નિ. ૪/૧ થી રજુ છે. જે અરજીની વિગતો વંચાણે લ ેવામાં આવે તો તેમા અરજદારે જણાવેલ છે કે અમો અરજદારે સને–૧૯૮૦–૮૧ વર્ષમાં મોજે થરાદ સીમના સર્વે નં–૧૭૬ પૈકી ક્ષેત્રફળ એકર ૭.૦૦ ગુંઠા વાળી જમીન અમોએ દબાણ કરી અને તેમા ખેતમજુરી કરી આજદિન સુધી મારૂ તથા મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છુ. આમ વાદીએ પોતાની જ અરજીની વિગતો મુજબ દાવાવાળી જમીનમાં સને ૧૯૮૦–૮૧ માં દબાણ કરેલ હોવાનુ જણાવેલ છે જયારે હાલના દાવામાં દાવાવાળી જમીનમાં પોતાનો સ્ટેટ સમયથી તથા વડવાઓના સમયથી એટલે કે આશરે ૭૦–૭૫ વરસથી કબજો ભોગવટો હોવાનુ જણાવે છે. આમ વાદીએ રેવન્યુ ઓથોરીટી સમક્ષ અને કોર્ટ સમક્ષ વિરોધાભાસી હકીકતો જણાવેલ છે અને આમ વાદી ચોખ્ખા હાથે કોર્ટ સમક્ષ આવેલ ન હોવાનુ જણાઈ આવે છે અને જેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી.

આ ઉપરાંત વાદી પોતાની દાવાઅરજીમાં એક તરફ પેરા નં–(૩) માં દાવાવાળી જમીન રેગ્યુલરાઈઝડ કરવા અંગે જંત્રીના એક ટકા લેખે સર્વિસ ચાર્જ ભરી દિધેલ હોવાનુ જણાવે છે જેની પાવતી નિ.૪/૭ થી રજુ છે. જયારે બીજી તરફ દાવાઅરજીના પેરા નં–(૫) માં રેગ્યુલરાઈઝડ કરવા અંગે સરકારી ટકાવારી પ્રમાણે ડીપોઝીટની રકમ ભરી દિધેલ હોવાની હકીકત જણાવે છે. આમ વાદીએ પોતાની દાવાઅરજીમાં અલગ અલગ બે સ્ટેન્ડ લઈ

કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં નિ.૪/૮ થી રજુ ચીટનીશ ટુ કલેકટરના પત્ર માં સ્પષ્ટ જણાવેલ છે કે એક ટકો સર્વિસ ચાર્જ જે ભરવાનો થાય છે અને આ રકમ પરત મળવાપાત્ર નથી. આ ઉપરાંત નિ.૪/૧૩ થી રજુ નિવાસી અધિક કલેકટરશ્રીના પત્ર મુજબ અરજદારની જમીન રેગ્યુલરાઈઝડ કરવાની અરજી કારણોસહીત દફતરે કરવામાં આવેલ છે. જેની સામે વાદીએ કોઈ રેમેડી એકઝોસ કરેલ હોય તેવો વાદીનો કેસ નથી.

**(૧૧)** વધુમાં વાદી જણાવે છે ત્યારથી એટલેકે સ્ટેટ વખતથી દાવાવાળી વાડાવાળી જમીન ઉપર તેઓ વાદી કે તેઓના વડીલોનો સતત કબજો હોઈ તે દર્શાવતો કોઈ પુરાવો વાદી તરીકે રજુ કરવામાં આવેલ નથી. આ ઉપરાંત દાવાવાળી જમીન અંગે આજદિન સુધી કોઈ મહેસુલ ભરવામાં આવેલ હોય તેની કોઈ પહોંચો પણ રજુ રાખવામાં આવેલ નથી. વાદીએ પોતે દાવાવાળી જમીનમાં શુ પાક વાવવામાં આવેલ છે તે અંગે પણ મૌન રહેલ છે. વાદી જે બાજુમાં આવેલ હરીજનોનના ખેતરમાં આવેલ બોરના પાણીથી ખેતી કરતા હોવાનુ જણાવે છે તે આજુબાજુના ખેતરોના માલિક/કામદારોના સોગંદનામા પણ આ તબકકે રજુ રાખેલા નથી. વાદી તરફથી આ કામે કોર્ટ કમિશ્નરશ્રીની નિમણુક કરવામાં આવેલ અને કમિશ્નરશ્રી ધ્વારા આ કામે દાવાવાળી જગ્યાનુ પંચનામુ અને નકશો તૈયાર કરવામાં આવેલ અને જે આ કામે રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા તેનાથી વાદીના કેસની હકીકતોને સમર્થન મળતુ નથી. ઉલ્ટાનુ વાદીએ પોતાની દાવઅરજીમાં, દાવાવાળી જમીનની જે ચતુરસીમા જણાવેલ છે તેનાથી અલગ જ ચતુરસીમા પંચનામા/નકશાથી રેકર્ડ પર આવેલ છે જે નીચે કોષ્ટકમાં કરવામાં આવેલ સરખામણી જ પ્રથદર્શનીય જણાઈ આવે છે. અને આ પં ચનામા/નકશાની સામે વાદીઓએ વાંધો/તકરાર લીધેલ નથી.

| <u>દાવઅરજીમાં જણાવેલ ચતુરસીમા</u> | <u>કોર્ટ કમિશ્નરશ્રી ધ્વારા કરવામાં આવેલ પંચનામા/નકશા મુજબની ચતુરસીમા</u> |
|---|---|
| પુર્વે:– માજીરાણાના ખેતરો આવેલ છે. | પુર્વે : હરીજન દજાભાઈ અને શંકરભાઈ વાણીયાનુ ખેતર |
| પશ્વિમે:– ધાનેરા જતો પાકો હાઈવે રોડ આવેલ છે. | પશ્ચિમે :માધાભાઈ ભીલ અને સીતાબેન રાયડાનુ ખેતર |
| ઉત્તરે:– હરીજન લોકોના ખેતરો આવેલા છે. | ઉત્તરે : ટીનાભાઈ રાજપુતનુ ખેતર બાદ બિન ખેતીની જમીન બાદ ધાનેરા જવાનો રોડ |
| દક્ષિણે :– માજીરાણાના ખેતરો આવેલ છે. | દક્ષિણે : ખોદકામ કરેલ તળાવ તથા પડતર જમીન |

વધુમાં આ કામે નોંધ નં–૧૯૪ ની વિગતે થી સદરહુ જમીનમા શ્રીસરકાર દાખલ થયેલ હોઈ અને ત્યારે Possession follows title ના સિધ્ધાંત અનુસાર દાવાવાવાળી જમીનનો કબજોભોગવટો પ્રથમદર્શનીય રીતે સરકારશ્રીનો હોવાનુ માનવાને પાત્ર રહે છે.

આમ પક્ષકારોના પ્લીડીંગ્સ, રજુ દસ્તાવેજી પુરાવાઓ તેમજ દલીલો ધ્યાને લેતા આ કામે વાદી દાવાવાળી મિલકતમાં પોતાનુ હીત હોવાનુ પ્રથમદર્શનીય રીતે દર્શાવી શકેલ ન હોય વધુમાં હાલના દાવામાં વાદીઓ ચોખ્ખા હાથે અત્રેની કોર્ટમાં આવેલ ન હોવાનુ જણાઈ આવેલ હોઈ જે તમામ હકીકતો ધ્યાને લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ ન હોય, વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે, તેવું અને નાણામાં ન માપી શકાય તેવું નુકશાન તેઓને જાય તેમ છે, તેવું વાદી દર્શાવી શકેલ ન હોય, મુદ્દા નં. ૧, ૨ અને ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે, અને મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

વાદીઓની આંક–૫ ની મનાઈ અરજી આથી ખર્ચસહીત નામંજુર કરવામાં આવે છે.

વાદીઓએ કોષ્ટ પેટે રૂા.૩,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) આ હુકમ તારખથી દિન–૩૦ માં ડી.એલ.એસ.એ.માં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૧ મી માંહે : જાન્યુઆરી, સને : ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સાંભળાવી જાહેર કર્યો.

તારીખ :–૧૧/૦૧/૨૦૨૪ **(ધવલકુમાર ચંદ્રકાન્ત ગોહીલ)**

સ્થળ :– થરાદ. પ્રિન્સી. સીની.સિવિલ જજ, થરાદ

U.I.C. No.GJ01240